# તમે અને તમારું સોશિયલ મીડિયા એકાઉન્ટ ભાગ-2




ઓસ્ટ્રેલિયાના બોંડી બીચ પર ડિસેમ્બર 2025માં બે બાપ દીકરાએ જ્યારે ટેરર એટેક કર્યો ત્યારે એમણે 15 લોકોને મારી નાખ્યા હતા. આ બીચ પરના એટેકને જે જે લોકોએ પોતાના સોશિયલ મીડિયા પરથી ટેકો આપ્યો હતો એ દરેકના વિઝા, પછી એ ઈમિગ્રન્ટ હોય કે નોનઈમિગ્રન્ટ, એને અમેરિકાએ સખત રીતે રિજેક્ટ કરી નાખ્યા છે.

ગયા અઠવાડિયાના લેખમાં આપણે જોયું કે તમે વિઝા લેવા જાઓ ત્યારે હવે ઓફિસરોને સત્તા છે કે એ તમારા સોશિયલ મીડિયાને ઝીણવટપૂર્વક તપાસે અને એમાં અમેરિકાની નેશનલ સિક્યુરિટી કે જનતાની સેફટીને ખતરો જણાય તો એ લોકો તમારા વિઝા કોઈપણ જાતનું કારણ આપ્યા વગર રિજેક્ટ કરી નાખે. આવા કારણસર તમારા વિઝા રિજેક્ટ ના થાય એના માટે શું શું પગલાં લેવા જોઈએ એ આપણે આપણા આજના લેખમાં જોઈશું. બોંડી બીચવાળો હુમલો ઓસ્ટ્રેલિયામાં થયો હતો છતાં એને ટેકો આપનારાઓના વિઝા રિજેક્ટ કરવામાં આવ્યા. યુએસ ગવર્મેન્ટને જો એમ લાગે કે તમે કોઈ પણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિને અથવા એવા એસોસિએશનને અથવા આવી રીતે હેરાન કરનાર કે હિંસા કરનારને સપોર્ટ કરો છો તો તેઓ તમને અમેરિકાના રહેવાસીઓ માટે ખતરારૂપ માની લેશે અને તમને પોતાના દેશમાં આવતા રોકશે. વિઝા આપનાર ઓફિસર પાસે એ આઈ ટુલ્સ હોય છે જેના વડે તેઓ તમે કયા હેશટેગ લખો છો, કોને ફોલો કરો છો, શું લાઈક કરો છો, કયા વિડિયો જુઓ છો, કયા ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટ કે ઈનડાયરેક્ટ મેમ્બર કે ફોલોઅર છો એ જોઈ શકે છે. આથી તમારે તમારા સોશિયલ મીડિયાના એકાઉન્ટને એકદમ સાફ રાખવા જરૂરી છે.

શું તમારે એવી પોસ્ટ અને એકાઉન્ટ ડીલીટ કરી નાખવા જોઈએ? ના, જાણકારની સલાહ લીધા વગર તમારે તમારા એકાઉન્ટો કેન્સલ ના કરવા જોઈએ. કારણકે કોન્સ્યુલર ઓફિસર પાસે તમારા બંધ કરેલા કે ડીલીટ કરેલા એકાઉન્ટો જોઈ શકાય એવા એઆઈ ટુલ્સ પણ છે. આથી એકાઉન્ટ બંધ કરીને કે ડીલીટ કરીને કોઈ ફાયદો થશે નહીં.

## વિઝા મિત્ર

★ સંગીતા જોશી

સોશિયલ મીડિયાના કારણે તમારા વિઝા રિજેક્ટ ના થાય એ માટે તમારે શું કરવું જોઈએ?

૧. તમારે તમારા બધા સોશિયલ મીડિયા એકાઉન્ટને ઓડિટ કરવા જોઈએ. છેલ્લા પાંચ વર્ષમાં જે લખ્યું હોય કે પોસ્ટ કર્યું હોય એ ચેક કરવું જોઈએ. એક કાગળ ઉપર એનું લિસ્ટ બનાવવું જોઈએ. હેન્ડલ, સમય, પ્લેટફોર્મના નામો આ બધું ડીએસ-160 માં ટ્રાન્સફર કરવું જોઈએ.

૨. તમારે તમારા બધા એકાઉન્ટને પબ્લિક માટે ખુલ્લા કરી નાખવા જોઈએ. જ્યાં સુધી વિઝાનો નિર્ણય ન આવે ત્યાં સુધી કે ઈન્ટરવ્યૂ પછી પણ તમારે તમારા એકાઉન્ટ બંધ ન કરવા જોઈએ એટલે કે તમારે એને પ્રાઈવેટ કરી નાખવા ન જોઈએ.

૩. તમારે તમારા કોન્ટેન્ટ ને ઈમાનદારીથી તપાસવા જોઈએ. તમારી જાતને નવેસરથી જ પૂછવું જોઈએ કે તમે જે પોસ્ટ કર્યું છે કે કમેન્ટ આપી છે એ શું યુએસ માટે ખતરા રૂપ છે? શું એ ટેરરિઝમને ટેકો આપે છે?

૪. ફોર્મમાં તમે જે પણ લખો એ બધી જ વિગત સાચે સાચી લખવી જરૂરી છે.

૫. તમે જે કંઈ પણ ડીલીટ કરો એના સ્ક્રીનશોટ લઈ રાખવા અને એનો સરખો રેકોર્ડ રાખવો જરૂરી છે.

૬. ઈન્ટરવ્યૂમાં કોન્સ્યુલર ઓફિસર તમને તમારા એકાઉન્ટનો પાસવર્ડ પૂછે તો તુરંત આપી દેજો આનાકાની નહીં કરતા નહીં તો તમારા વિઝા રિજેક્ટ થવાની શક્યતા વધી જશે.

૭.સૌથી સરળ રસ્તો એ જ છે કે જો તમારું અમેરિકન સપનું હોય અને તમે ભવિષ્યમાં ક્યારેય પણ અમેરિકા ફરવા કે સેટલ થવા જવા માગતા હો તો ધાર્મિક કે

**સોશિયલ મીડિયાનું ચેકઅપ એ ફક્ત ટ્રેન્ડ નથી. એ US ઈમિગ્રેશનની હકીકત છે. જે હંમેશ માટે રહેશે. જે આગળ જતાં હજી વધતું જશે. એકાદી ખરાબ પોસ્ટ કે છુપાવેલા કે ભુલાઈ ગયેલા એકાઉન્ટો તમારા વિઝા મેળવવામાં અડચણરૂપ બની શકે છે**

રાજકારણને લગતી કે આતંકવાદ જેવા વિવાદાસ્પદ વિષયને લગતી કોઈપણ ચર્ચા કે તકરારમાં તમારા સોશિયલ મીડિયામાં ભૂલેચૂકે પણ ભાગ જ ના લો જેથી તમારે આગળ જતાં સોશિયલ મીડિયા સાફ કરવાની કડાકૂટમાં પડવું પડે.

સોશિયલ મીડિયાનું ચેકઅપ એ ફક્ત ટ્રેન્ડ  નથી. એ US ઈમિગ્રેશનની હકીકત છે. જે હંમેશ માટે રહેશે. જે આગળ જતાં  હજી વધતું જશે. એકાદી ખરાબ પોસ્ટ કે છુપાવેલા કે ભુલાઈ ગયેલા એકાઉન્ટો તમારા વિઝા મેળવવામાં અડચણરૂપ બની શકે છે.

તમે તમારા ઈમિગ્રેશનના પેપરવર્કને જેટલી કાળજીપૂર્વક તૈયાર કરો છો એટલી જ કાળજીથી તમારા સોશિયલ મીડિયાને પણ હેન્ડલ કરો અને અમેરિકાના વિઝા લેવા જાઓ ત્યારે નિશ્ચિંત થઈને જાઓ.

---

# વાણિજ્ય હેતુઓ માટે સેવા મેળવનારની તેમજ ફ્રોડ, ગેરરીતિના આક્ષેપોવાળી ફરિયાદ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ ચાલી શકે નહીં

કટારીયા ઓટોમોબાઈલ્સના મેનેજરે તેમની કંપનીના જ કેશીયરે કંપનીની બેન્ક ઓફ બરોડા, કીમ બ્રાન્ચમાં ચાલતા કરંટ એકાઉન્ટમાં કંપનીની રોકડ રકમો પૂરેપૂરી જમા કરવાને બદલે ફ્રોડ અને ગેરરીતી કરીને બેન્કની સ્લીપ બુકમાં ગેરરજૂઆત ભરી નોંધ કરીને છૂટક છૂટક મળીને મોટી રકમો પોતાના અંગત બેન્ક એકાઉન્ટમાં જમા કરી દીધા હોવાનું જણાવી અને તે રીતે કટારીયા ઓટોમોબાઈલ્સને મોટી રકમોનું નુકશાન થયેલ હોવાનું જણાવી તે નુકશાન બેન્ક ઓફ બરોડાના કર્મચારીની બેદરકારીથી થયેલ હોવાનો આક્ષેપ કરી નુકશાનની રકમ વ્યાજ અને વળતર સહિત બેન્ક ઓફ બરોડા પાસે પરત આપવાની દાદ માંગતી ફરિયાદ સુરત જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડીશનલ) ના પ્રમુખશ્રી આર.એલ.ઠકકર અને સભ્ય શ્રીમતી પૂર્વીબેન જોષી એ રદ કરી છે. સુનીલ સાળુંકે મેનેજર કટારીયા ઓટોમોબાઈલ્સ મળેલ (ફરિયાદી) વિરૂદ્ધ બેન્ક ઓફ બરોડા, કીમ બ્રાન્ચ (સામાવાળા) ના આ કેસની ટુંકમાં હકીકત એવી હતી કે, ફરીયાદી કટારીયા ઓટોમોબાઈલ્સ પ્રા. લી. ના મેનેજર છે. ફરીયાદી કંપનીની સમાવાળાની વિવિધ બ્રાન્ચમાં અનેક ખાતા ધરાવે છે. ફરીયાદી કંપનીની બ્રાન્ચ ઓફીસ કીમ મુકામેની એક કર્મચારી નયન વાઘેલાનાઓએ કેશીયર તરીકે ફરજ બજાવતા હતા. ફરીયાદીની કંપનીની કીમ બ્રાન્ચની ઓફીસમાં મારૂતી કારને લગતુ તમામ કામકાજ અંગે જે કંઈ રોકડ ચેક વિગેરે આવક થતી હોય તે તે તમામ ફરીયાદી કંપની બેન્ક ઓફ બરોડા, કીમ બ્રાન્ચમાં કટારીયા ઓટોમોબાઈલ્સના કરંટ એકાઉન્ટ નંબરમાં જમા કરવામાં આવતી હતી. પાછળની ફરીયાદી કંપની અમદાવાદની મુખ્ય ઓફિસે કીમ ખાતેના એકાઉન્ટના ખાતમાં આવકના હિસાબોની ચકાસણી કરવામાં આવેલ અને ગેરરીતિ હોવાનું જણાતા તે જાણવા મળેલ કે, કંપનીની જે કંઈ પણ રોકડમાં આવક થતી હતી તે રોકડ રકમને બેન્ક ઓફ બરોડાની સ્લીપ બુકના એક અડધીયામાં કટારીયા ઓટોમોબાલ્સનું નામ તથા એકાઉન્ટ નંબર લખવામાં અવતો હતો જયારે બીજા અડધીયામાં નયન વાધેલા પોતાનું નામ તથા પોતાનો સેવીંગસ એકાઉનટ નં. ૦૨૮૪૦૧૦૦૦૨૭૨૦૫ લખતા અને રકમ પણ



લખતા હતા. જેથી રૂા. ૮,૨૯,૦૦૦/- થી વધુ રકમ નયન વાઘેલાએ પોતાના ખાતમાં ખોટી રીતે જમા કરાવી ઉચાપત કરેલી. સામાવાળા બેન્કના કર્મચારીએ નયન વાઘેલા સાથ મેળાપીપણામાં નાણાં ભરવાની સ્લીપમાં તથા એકનોલેજમેન્ટમાં અલગ અલગ નામ તથા એકાઉન્ટ નંબરની જાણ હોવા છતા ખોટી રીતે નયન વાઘેલાના એકાઉન્ટમાં રકમ જમા કરાવેલ હોવાનો આક્ષેપ કરી સામાવાળાએ પોતાની સેવામાં ગંભીર પ્રકારની બેદરકારી દાખવેલ હોય ફરિયાદીન થયેલ નુકશાનીના રૂા. ૮,૨૯,૦૦૦/- વ્યાજ સહીત બેન્ક ઓફ બરોડા પાસે અપાવવાની ફરિયાદ દાખલ કરેલો.

## ગ્રાહક મંચ

★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

સામાવાળા તરફે દલીલો કરતાં એડવોકેટ શ્રેયસ દેસાઈ/ઈશાન દેસાઈ/પ્રાચી અર્પિત દેસાઈએ દલીલોમાં જણાવેલ કે, ફરિયાદીની ફરિયાદ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ મેન્ટેનેબલ નથી અને ફરિયાદીની ફરિયાદને કોમર્શીયલ પર્પઝનો બાધ નડે છે. ફરિયાદી કંપનીનું ખાતુ કેશ ક્રેડિટનું ખાતુ છે. જે ધંધાકીય હેતુ માટે હોવાથી કોમર્શીયલ પર્પઝનો બાધ નડે છે. કે, ફરિયાદી કંપની એકથી વધુ શહેરોમાં એકથી વધુ જગ્યાઓએ મોટરકાર/બાઈક વિગેરે વેચવાનો અને સર્વિસીંગનો ધંધો મોટા અને વ્યાપક પાયે કરે છે જેથી ફરિયાદી ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ ગ્રાહકની વ્યાખ્યા મુજબ ગ્રાહક નથી. વધુમાં જણાવેલ છે કે, ફરિયાદીની ફરિયાદ ફ્રોડ ફોર્જરી/ઉચાપત/ગેરરીતી સંબંધીત આક્ષેપોવાળી હોવાથી મેન્ટેનેબલ નથી.

ફરિયાદીએ ફરિયાદ ગુન્હાહીત કાવતરૂ અને ફોજદારી ગુન્હાના આક્ષેપો કરેલા છે અને આમ, આ હકીકતો પરથી ફરિયાદીની ફરિયાદ ફોર્જરી અને બોગસ ડોકયુમેન્ટ અને નાણાંકીય ઉચાપત સંબંધિત હોય તેમ સ્પષ્ટ થાય છે અને તેથી આ પ્રકારની ફરિયાદ ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ મેન્ટેનેબલ નથી. વધુમાં, જણાવેલ કે, ફરિયાદીની ફરિયાદને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝના નિયમોનો બાધ નડે છે.

ફરિયાદીનું ફરિયાદવાળુ કેશ ફેરડીટ બેન્ક ખાતુ કટારીયા ઓટોમોબાઈલ્સ પ્રા. લી. ના નામનું છે જે કંપની ધારા હેઠળ નોંધાયેલી કંપની છે પરંતુ આ ફરિયાદ એક કટારીયા ઓટોમોબાઈલ્સએ કરેલ છે અને તે સંજોગોમાં ફરિયાદીની ફરિયાદને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝના નિયમોનો બાધ નડે છે. વધુમાં, એમ પણ જણાવેલ કે, ફરિયાદીની ફરિયાદને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીજના નિયમોનો બાધ નડે છે. ફરિયાદીનું ફરિયાદવાળુ કેશ ક્રેડીટ બેન્ક ખાતુ કટારીયા ઓટોમાબાઈલ્સ પ્રા. લી. ના નામનું છે જે કંપની ધારા હેઠળ નોંધાયેલી કંપની છે પરંતુ આ ફરિયાદ એક ઓટોમોબાલ્સએ કરેલ છે અને તે સંજોગોમાં ફરિયાદીની ફરિયાદને નોન જોઈન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝના નિયમોનો બાધ નડતો હોવાની

**ફરિયાદીનું ફરિયાદવાળું કેશ ક્રેડીટ બેન્ક ખાતું કટારીયા ઓટોમાબાઈલ્સ પ્રા. લી.ના નામનું છે જે કંપની ધારા હેઠળ નોંધાયેલી કંપની છે પરંતુ આ ફરિયાદ એક ઓટોમોબાઇલ્સે કરેલ છે અને તે સંજોગોમાં ફરિયાદીની ફરિયાદને નોન જોઇન્ડર ઓફ નેસેસરી પાર્ટીઝના નિયમોનો બાધ નડતો હોવાની રજૂઆત પણ કરેલી**

રજૂઆત પણ કરેલી. સુરત જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ કમિશન (એડીશનલ) ના પ્રમુખ ન્યાયાધીશ શ્રી આર. એલ. ઠક્કર અને સભ્ય શ્રીમતી પૂર્વીબેન જોષી ફરિયાદીની ફરિયાદ રદ કરવાના હુકમમાં ફરિયાદીએ સામાવાળા બેન્કમાં ધંધાકીય હેતુમાટે ખાતુ ખોલાવેલ હોય, કોમર્શીયલ પર્પસનો બાધ નડતો હોવાની નોંધ લીધી હતી તેમજ ફરિયાદીની ફરિયાદના આક્ષેપો ધ્યાને લેતા ગુન્હાહીત પ્રકારના આક્ષેપો હોય અને તેનો નિર્ણય કરવા માટે સાક્ષી પુરાવા વિગેરે રેકર્ડ કરવાની જરૂર પડે તેમ હોય અને તેમ કરીને સંપૂર્ણ કેસ ચલાવવો પડે તે પ્રકારના આક્ષેપો હોય જયારે અત્રેના કમિશનને ગુન્હાહીત આક્ષેપોનો નિર્ણય કરવાની સત્તા અને અધિકાર ન હોય જેથી પણ ફરિયાદી માંગે છે તેવી દાદ અત્રેનું કમિશન મંજુર કરવા માટે સક્ષમ હોવાનું જણાવી ફરિયાદ રદ કરી છે.

## કેન્ડલ લાઈટ

**મેં નથી સુકાની બદલ્યો, ન સુકાન ફેરવ્યું છે
દરિયાનું એ રીતે મેં અભિમાન ફેરવ્યું છે.**
**- સુનિલ શાહ**